જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

**તા.૨૬/૧૧/૨૦૨૩ રવિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૧૨/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૨૦ વ્યક્તિઓને ઝડપી, ૩૨૦ લીટર દેશી દારૂ, ૧૯ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧૨ બિયર ટીન અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૨૦ વ્યક્તિઓની ઝડપી રોકડ રૂપિયા ૧,૧૩,૭૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૧૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૯૧૪/૨૦૨૩

નારણપુરાઃ નકુલભાઇ કુંજબિહારી મુંદ્રા (રહે.પંચવટી બંગલોઝ સર્વોપરી ઘનશ્યામનગર સોસાયટી ગાયત્રીમંદિર રોડ રાણીપ) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૧૧/૨૦૨૩ રાતના ૯/૩૦ થી તા.૨૫/૧૧/૨૦૨૩ સવારના ૧૦/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નારણપુરા સરદાર પટેલ બાવલા રોડ સરદાર પટેલ કોલોની, સ્વપનીલ એવન્યુ, લાજવાબ જયપુરી નકુલ ક્રીએશન નામની કપડાની દુકાનનું શટર ઉંચુ કરી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી ટેબલના ખાનામાંથી રોકડ રૂપિયા ૫,૫૦,૦૦૦/- તથા સીસીટીવી કેમેરાનુ ડીવીઆર કિમત રૂપિયા ૫૦૦૦/- મળી કુલ રૂપિયા ૫,૫૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.એલ વડુકર ચલાવે છે.

**ચાંદખેડાઃ** ઓમપ્રકાશ નારાયણ શાહુ (ઉ.વ.૪૨) (રહે. પુરષોતમ પાર્ક સોસાયટી લીટલ ફલાવર સ્કુલ સામે ચાંદખેડા) એ તા.૨૫/૧૧/૨૦૨૩ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૧૧/૨૦૨૩ સવારના ૭/૩૦ થી તા.૨૨/૧૧/૨૦૨૩ સવારના ૭/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાની જાળીના નકુચા તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી પેટી પલંગની અંદરથી સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રૂપિયા અને લેપટોપ મળી કુલ રૂપિયા ૧,૨૨,૭૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.પી.પટેલ ચલાવે છે.

**લુંટઃ-** **સમાચાર યાદી નં.૧૯૧૫/૨૦૨૩**

**ઓઢવઃ** પ્રવિણભાઇ રામપ્રકાશભાઇ ગુપ્તા (ઉ.વ.૩૮) (રહે. શ્રીમદ એલીગન્સ કાન્બા હોસ્પિટલ પાસે આંજણાચોક નિકોલ) તા.૨૫/૧૧/૨૦૨૩ રાતના ૧/૦૦ વાગ્યાના સુમારે ઓઢવ વેપારી મહામંડળ પેટ્રોલપંપ સામે ઇન્દોર જતા હાઇ-વે પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એકટીવા તથા એક મોટર સાયકલ ઉપર આવેલ ચાર પુરૂષોએ પ્રવિણભાઇ ગુપ્તાને ચપ્પુ બતાવી રોકડ રૂપિયા ૧૮,૦૦૦/-, મોબાઈલ ફોન કિમત રૂપિયા ૧૫,૦૦૦/- તેમજ સોનાની ચેઈન કિમત રૂપિયા ૭૦,૦૦૦/- લુંટ કરી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ પ્રવિણભાઇ ગુપ્તાએ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.કે.ડામોર ચલાવે છે.

**સોનાની ચેઈન ઝુટવી લઇ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૧૬/૨૦૨૩**

**નરોડાઃ** રાકેશભાઇ બંસીભાઇ વાળંદ (ઉ.વ.૩૧) (રહે. આશિર્વાદ એવન્યુ શેલ્બી હોસ્પીટલ સામે નવા નરોડા) તા.૨૫/૧૧/૨૦૨૩ રાતના ૯/૧૫ વાગ્યાના સુમારે નરોડા લક્ષ્મીવીલા-૨ ફલેટ સામે પ્રેમમેવાળ આઇસ્ક્રીમની દુકાન આગળ આવેલ પુજા ડ્રાઇ ક્લીનર્સ દુકાન નજીકથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક કાળા રંગની એફ.ઝેડ જેવા મોટર સાયકલ ઉપર આવેલ ત્રણ પુરૂષો રાકેશભાઇ વાળંદનાઅ ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૭૫,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રાકેશભાઇ વાળંદએ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એલ.ટી.ડામોર ચલાવે છે.

**વાહન અકસ્માતમા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૯૧૭/૨૦૨૩**

**જે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** કંકુબહેન વા/ઓ રાજુભાઈ (ઉ.વ.૩૮) **(રહે.ઓડ વાસના છાપરાં સુર્યા સોસાયટી પાછળ બબા પટેલની ચાલી કેનાલ રોડ ઈસનપુર)** તા.૨૫/૧૧/૨૦૨૩ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક નજીક ઉભા હતા ત્યારે છોટા હાથી વાહન નંબર જીજે ૨૭ ટીટી ૫૫૪૮ ના ચાલકે વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ટક્કર મારતા કંકુબહેનને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કારવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર કંકુબહેનના બહેન ચંપાબહેન વા/ઓ ભરતભાઈ એ "જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.એન.પટેલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૯૧૮/૨૦૨૩**

**બોડકદેવઃ** પ્રેમ દિનેશભઈ ચૌહાણ **(ઉ.વ.૧૭) (રહે.**મલાયા તળાવના છાપરાં મેનકા સોસાયટીની સામે હેબતપુર રોડ થલતેજ) એ અગમ્ય કારણસર તા.૨૫/૧૧/૨૦૨૩ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે પંખા સાથે મફલર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બોડકદેવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.બી.વિહોલ ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** જયરાજસિંહ ઘનશ્યામસિંહ ચૌહાણ (ઉ.વ.૨૫) (રહે. અંબિકા પાર્ક સોસાયટી સૈનિક સર્કલ પાસે નવા નરોડા) એ અગમ્ય કારણસર તા.૨૫/૧૧/૨૦૨૩ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જામસિંહ રણુભા ચલાવે છે.

**અમરાઈવાડીઃ** પ્રદિપભાઈ કેશવલાલ નાઈ (ઉ.વ.૨૨) (રહે. ભગતની ચાલી ઉત્કર્ષ સ્કુલ સામે સમ્રાટ વીડીયો પાછળ અમરાઈવાડી) એ બિમારીથી કંટાળી તા.૨૫/૧૧/૨૦૨૩ કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે અંકુર સ્કુલ સામે શાંતિલાલની ચાલીમાં પ્રદીપ સલુન એન્ડ મસાજ નામથી દુકાન ખાતે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી મહેન્દ્રસિંહ રામસિંહ ચલાવે છે.

**મણિનગરઃ** રમેશભાઈ મહીજીભાઈ પરમાર (ઉ.વ.૬૭) (રહે. હેપીહોમ મણિનગર) એ અગમ્ય કારણસર તા.૨૫/૧૧/૨૦૨૩ સાંજના ૭/૪૫ વાગ્યાના સુમારે મણિનગર રેલવે સ્ટેશન નજીક ટ્રેઈન નીચે પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે મણિનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.ડી.પટેલ ચલાવે છે.

**વટવાઃ** દિલુર સ/ઓ સબીરભાઇ શેખ (ઉ.વ.૪૦) (રહે. સાંઇબાબા સોસાયટી ગોલ્ડન સિનેમા પાછળ વટવા) એ અગમ્ય કારણસર તા.૨૪/૧૧/૨૦૨૩ રાતના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુક સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિરેન્દ્રસિંહ વિક્રમસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી